## ગાંધીનગરના ડોક્ટરની અભૂતપૂર્વ સિદ્ધિ

# સાઈક્લીસ્ટ ડૉ. ગૌરાંગ થાનકીએ એક હજાર કીમીની અલ્ટ્રા સાઈક્લીંગ રેસ માત્ર ૭૩ કલાકમાં પૂર્ણ કરી

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરના જાણીતા મનોચિકિત્સક ડૉ. ગૌરાંગ થાનકી ખુબ સારા સાઈકલીસ્ટ પણ છે. તેઓએ તાજેતરમાં વડોદરાથી ધોળાવીરા અને ધોળાવીરાથી પરત વડોદરા સુધીની ૧૦૦૦ કિમીની અલ્ટ્રા સાઈકલીંગ રેસ માત્ર ૭૩ કલાકમાં પૂર્ણ કરી અનોખી સિદ્ધિ મેળવી છે. તમામ ક્ષમતાઓને ચકાસી લેનાર અને તમ-મનને નિચોવી નાંખનાર ખૂબ લાંબા અંતરની સાઈકલીંગ રેસ સફળતાપૂર્વક પૂર્ણ કરી ડૉ. ગૌરાંગ થાનકી પરત ગાંધીનગર આવી ગયા છે.

સ્વાસ્થ્યની કાળજી માટે સાયકલીંગ કરનારા ઘણા છે.




શહેરના ઘણા યુવાનો દરરોજ ૫ થી ૧૦ કિ.મી. સાયકલીંગ કરે છે પરંતુ ૨૫૦-૫૦૦ કે ૧૦૦૦ કિ.મી.નું સાયકલીંગ નિર્ધારીત સમયમાં પૂર્ણ કરનારા ખુબ ઓછા છે.

ગાંધીનગરના જાણીતા મનોચિકિત્સક ડૉ. ગૌરાંગ થાનકી તેમના ફિલ્ડમાં તો નિષ્ણાત છે જ પરંતુ તેમની એક આગવી ઓળખ સાઈકલીસ્ટ તરીકેની પણ છે. લાંબા અંતરનું સાયકલીંગ કરતા શહેરના ગણ્યા ગાંઠ્યા યુવાનોમં તેઓ સામેલ છે. આ સાયકલવીરો માટે ૫૦ થી ૧૦૦ કિ.મી. સુધીનું સાયકલીંગ કરવુ રમત વાત છે પરંતુ નિર્ધારિત સમયમાં ૧૦૦૦ કિ.મી. સુધીનું સાયકલીંગ કરવાની સિદ્ધિ ડૉ. ગૌરાંગ થાનકીએ પ્રાપ્ત કરી છે.

આ અંગે ડૉ. ગૌરાંગ થાનકી જણાવે છે કે ઓડેક્સ ઈન્ડિયા રેન્ડોયર્સ દ્વારા લાંબા અંતરની સાઈકલીંગ રેસનું આયોજન કરવામાં આવે છે જેને બીઆરએમ સાયકલીંગ કહે છે. તાજેતરમાં બરોડા સાયકલીંગ ક્લબ દ્વારા સુપર રેન્ડોનર્સ (લાંબા અંતરનું સાયકલીંગ કરનાર) માટે વડોદરાથી ધોળાવીરા(કચ્છ) અને ધોળાવીરાથી પરત વડોદરા સુધી ૧૦૦૦ કિ.મી.નું લાંબી સાયકલીંગ રેસનું આયોજન કરાયુ હતુ. જેમાં ૩૨ સુપર રેન્ડોનર્સે ભાગ લીધો હતો. તેમનું ગ્રુપ ૨૮મી જાન્યુઆરીએ વડોદરાથી નીકળ્યુ હતુ. તેઓને આ રેસ પુરી કરવા માટે ૭૫ કલાકનો સમય અપાયો હતો. પહેલા દિવસે સતત ૩૪૫ કિ.મી.નું સાયકલીંગ કરી આ ગ્રુપ મીયાણા પહોંચ્યુ હતુ જ્યાં નાઈટ હોલ્ડ કરાયો હતો.

ક્લબ દ્વારા સાઈકલવીરોને અહીં આનુષાંગિક સુવિધાઓ પુરી પાડવામાં આવી હતી. બીજા દિવસે લગભગ ૭૭ કિ.મી.નું સાઈકલીંગ કરી તેઓ ધોળાવીરા પહોંચ્યા હતા. ત્યાંથી પુન: વડોદરા સુધીનું સાયકલીંગ શરૂ થયુ હતુ.

ઘુમ્મસ, અતિશય ઠંડી સુસવાટા મારતા પવનો અને




ઉબડખાબડ માર્ગોના વિઘ્નને સફળતાપૂર્વક ભેદીને ડૉ. ગૌરાંગ થાનકી ૩૧મીએ પરત વડોદરા પહોંચ્યા હતા. આ સુપર એન્ડોન્ટર્સના ગ્રુપે ૭૫ કલાકના બદલે માત્ર ૭૩ કલાકમાં જ રેસ પૂર્ણ કરવાની સિદ્ધિ મેળવી હતી.

ડૉ. ગૌરાંગ થાનકી વધુમાં આ રેસ અંગેના અનુભવો જણાવતા કહે છે કે આવી લાંબા અંતરની અલ્ટ્રા સાઈકલીંગ દ્વારા વ્યક્તિની શારીરિક અને માનસિક ક્ષમતાઓની પૂરેપૂરી ચકાસણી થઈ જાય છે. વ્યક્તિ પોતાની મર્યાદાઓથી વાકેફ થાય છે અને ક્ષમતાઓમાં વૃદ્ધિ પણ કરી શકે છે.

સુપર એન્ડોનર્સને સાથ આપવા અને તેમને કોઈ તકલીફમાં સહાય કરવા બરોડા સાયકલીંગ કલબના વોલન્ટીયર્સ કે માર્શલ્સની ટીમ સમગ્ર રૂટ પર હાજર હતી. તેમ છતાં રસ્તામાં આવતા ગ્રામ્ય વિસ્તારોનાં ગ્રામજનો દ્વારા કરવામાં આવતી આગતા સ્વાગતા અને નિ:સ્વાર્થ સેવા અભૂતપૂર્વ અનુભવ હતો. ડૉ. ગૌરાંગ થાનકીને આવી વધુને વધુ સિદ્ધિ મેળવવા બદલ ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

# મુખ્યમંત્રી સિવિલની મુલાકાત લે તેવી શક્યતાને પગલે સિવિલ તંત્ર સજજ

### મોતિયા અંધત્વ મુકત ગુજરાત ઝુંબેશનો કાર્યક્રમ સિવિલના ઓડીટોરીયમ ખાતે છે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર સિવિલ કેમ્પસના ઓડીટોરીયમ ખાતે તા.૫ ફેબ્રુઆરી શનિવારના રોજ સવારે ૧૦ કલાકે મોતિયા અંધત્વ મુકત ગુજરાત ઝુંબેશનો શુભારંભ કાર્યકમ છે. રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે આ ઝુંબેશનો શુભારંભ થવા જઈ રહ્યો છે. ત્યારે ઓડીટોરીયમમાં આયોજીત કાર્યક્રમ પૂર્ણ થયા બાદ મુખ્યમંત્રી સિવિલની મુલાકાત લે તેવી આશંકાને પગલે સિવિલ તંત્ર સજજ થઈ ગયું છે.

પ્રાપ્ત માહિતી મુજબ કોરોનાની મહામારી દરમિયાન અનેકવાર નેતાઓ સિવિલ સંકુલની મુલાકાતે આવી ચુક્યા છે. જો કે અવનવી સમસ્યાઓથી ઘેરાયેલ સિવિલ હોસ્પિટલનું બિલ્ડીંગ અનેક દુવિધા વચ્ચે ગુંગળામણ અનુભવી રહ્યું હતું. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલની મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સવારના સમયે અચાનક મુલાકાત લીધી હતી. ત્યારબાદ સિવિલની હાલત જોઈ સિવિલના અધિકારીઓને જરુરી સુચના આપી હતી. ત્યારબાદ સિવિલ હોસ્પિટલનો નજારો બદલાઈ જવા પામ્યો છે.

સિવિલના કેટલાક કર્મચારીઓને મુખ્યમંત્રીનો કાર્યક્રમ પુરો ન થાય ત્યાં સુધી ખડેપગે હાજર રહેવાના પણ આદેશ આપી દેવાયા છે. ત્યારે

### આજે મોતિયા અંધત્વ મુકત ગુજરાત ઝુંબેશનો મુખ્યમંત્રીના હસ્તે પ્રારંભ

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગુજરાત સરકાર દ્વારા આયોજીત રાષ્ટ્રીય અંધત્વ અને દ્રષ્ટિખામી નિયંત્રણકાર્યક્રમ અંતર્ગત મોતિયા અંધત્વ મુકત ગુજરાત ઝુંબેશનો રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે શુભારંભ થશે. ગાંધીનગર શહેરના સેકટર-૧૨ સિવિલ કેમ્પસ સ્થિત ઓડીટોરીયમ હોલ ખાતે સવારે ૧૦ ખાતે આયોજીત કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે રાજયના આરોગ્ય વિભાગના મંત્રી રૂષિકેશભાઈ પટેલ અને મંત્રી નિમિષાબેન સુથાર ખાસ ઉપસ્થિત રહેશે. જયારે નિમંત્રક તરીકે આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ મનોજ અગ્રવાલ, આરોગ્ય વિભાગના કમિશનર જયપ્રકાશ શિવહરે તેમજ નેશનલ હેલ્થ મિશનના ડાયરેકટર રેમ્યા મોહન ખાસ હાજર રહેશે

સિવિલમાં કલરકામ, વાયરીંગનું કામ પૂર્ણ થવાના આરે છે. ત્યારે સિવિલમાં કેટલીક ખુટતી ચીજવસ્તુઓ પણ નવી આવી ગઈ છે.

ઓડીટોરીયમ હોલ ખાતે આયોજીત કાર્યક્રમમાં મુખ્યમંત્રી આવવાના હોવાથી હોસ્પિટલમાં આવે તેવી આશંકાને પગલે સિવિલ તંત્ર સજજ થઈને બેઠુ છે.

## વિશ્વકર્મા પ્રભુની જયંતિની ઉજવણી મોકુફ રખાઈ

ગાંધીનગર, તા.૪

આગામી તા.૧૪ ફેબ્રુઆરીના રોજ વિશ્વકર્મા જયંતિ છે. પરંતુ હાલની કોરોનાની મહામારીને ધ્યાને રાખીને શ્રી વિશ્વકર્મા પંચાલ સમાજ ગાંધીનગર દ્વારા વિશ્વકર્મા જયંતિની ઉજવણીના તમામ કાર્યક્રમો મોકુફ રાખવામાં આવ્યા છે. જેની શહેરમાં વસતા પંચાલ સમાજના ભાઈ બહેનોને સંસ્થાના પ્રમુખ દ્વારા જાણ કરવામાં આવે છે.

## મનપાના સફાઈકર્મીઓને રોજમદારમાં ભરતી કરવા દલિતસેના દ્વારા સરકાર સમક્ષ માંગ

ગાંધીનગર, તા.૪

સમગ્ર રાજયમાં આઉટસોર્સિંગ પ્રથા વર્ષ ૨૦૦૫ થી કાર્યરત છે. સરકારી કચેરીઓમાં મોટાભાગનો સ્ટાફ આઉટસોર્સથી ભરતી કરવામાં આવ્યો છે. ત્યારે ગાંધીનર મહાનગર પાલિકાના કર્મચારીઓ પણ આઉટસોર્સથી નોકરી કરે છે. ત્યારે મપના કર્મચારીઓ છેલ્લા ૩૯ દિવસથી હડતાલ પર ઉતરેલા છે. તેમ છતા સફાઈ કર્મચારીઓનો પ્રશ્નનો નિવેડો આવ્યો નથી. ત્યારે સફાઈ કામદારોની ગુજરાત દલિત સેનાના બાબુભાઈ મેસરવાલા અને બહુજન મુકિત પાર્ટીના શહેર પ્રમુખ રાજીવ પરીખે મુલાકાત લીધી હતી. હડલાત પર ઉતરવા છતા સરકાર દ્વારા કોઈ ઉકેલ લાવવામાં આવ્યો નથી તે ખુબ જ દુ:ખદ બાબત છે.શહેરના પછાત,ગરીબ, વર્ગના સફાઈ કામદારોના પ્રશ્નોનો સત્વરે ઉકેલ લાવવા માટે સરકાર સમક્ષ માંગ કરી હતી.જયારે રાજયમાં આઉટસોર્સની ભરતી નાબુદ કરી સફાઈ કામદારોને ગાંધીનગર પાલિકામાં હંગામી-વર્કચાર્જ તેમ રોજમદાર તરીકે ભરતી કરવામાં આવે તેવી માંગ દલિત સેના-બહુજન મુકિત પાર્ટી દ્વારા કરવામાં આવી છે.

## ખૂણેખાંચરેથી

- આજે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે પ્રાકૃતિક ખેતી અંગે કૃષિ વિભાગના અધિકારીઓની બેઠક યોજાઈ છે.
- જિલ્લા વિકાસ અધિકારીએ વિવિધ યોજનાઓના અમલીકરણ અંગે અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસો ઘટ્યા પણ આજે હોમ ક્વોરોન્ટાઈન કરાયેલા લોકોની સંખ્યા વધી છે.
- ગાંધીનગર જિલ્લામાં કેળવણીનો ઈતિહાસ નામનું પુસ્તક ડાયેટ દ્વારા તૈયાર કરવામાં આવી રહ્યું છે.
- ગાંધીનગર શહેર જિલ્લામાં પુન: ઠંડીનું જોર થોડુક વધ્યુ છે.
- આગામી ૮, ૧૦ અને ૧૧ ફેબ્રુઆરીના રોજ ગુગલ મીટના માધ્યમથી ઓનલાઈન ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યુ છે.
- ગાંધીનગર શહેરમાં પણ હવે ખુલ્લી ગટરોની સમસ્યા દેખાવા લાગી છે.
- વિધાનસભા સત્રને લઈ વિભાગો દ્વારા તૈયારીઓ વેગીલી બનાવવામાં આવી છે.
- ગાંધીનગર જિલ્લામાં દબાણની સમસ્યા હવે ગંભીરરૂપ ધારણ કરી રહેલ છે.
- નાયબ મ્યુનિ. કમિશનર સી.એમ. ત્રિવેદી હોમ આઈસોલેટ થયા છે.
- મનપામાં નવા મુકાયેલા બે નાયબ મ્યુનિ. કમિશનરો આજે તેમનો હોદ્દો સંભાળે તેવી શક્યતાઓ છે.
- આજે વસંતપંચમી હોવાથી લગ્ન માટેનું વણ જોયુ મુહૂર્ત હોઈ જિલ્લામાં મોટી સંખ્યામાં લગ્નો યોજાશે.


રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન
સત્યમેવ જયતે
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર
આઝાદી નો અમૃત મહોત્સવ
NATIONAL PROGRAMME FOR CONTROL OF BLINDNESS & VISUAL IMPAIRMENT

## રાષ્ટ્રીય અંધત્વ અને દ્રષ્ટિ ખામી નિયંત્રણ કાર્યક્રમ

"મોતિયા અંધત્વમુક્ત ગુજરાત" ઝુંબેશનો
મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના
વરદ્ હસ્તે શુભારંભ





- મોતિયાની અસર સામાન્ય રીતે **૫૦** વર્ષ પછીની ઉંમરમાં થતી હોય છે જેના કારણે ઝાંખપ આવતી હોય છે. મોતિયાની સારવાર એક સરળ શસ્ત્રક્રિયા દ્વારા નેત્રમણી મૂકીને કરી શકાય છે અને સંપૂર્ણ રીતે દૃષ્ટિ પરત મેળવી શકાય છે.
- મોતિયાના કારણે અંધત્વનું ભારણ **૩૬%** જેટલું જણાયેલ છે. અન્ય કારણોમાં ચશ્માના નંબરની ખામી, ઝામર, ત્રાંસી આંખ, કીકીના રોગો, ડાયાબેટિક રેટિનોપેથી હોય છે.
- છેલ્લા દાયકામાં રાજ્યમાં દર વર્ષે સરેરાશ **૭ લાખ** જેટલા મોતિયાના ઓપરેશન કરવામાં આવે છે. **પ્રતિ ૧૦ લાખ વસ્તીએ ૧૦૦૦ થી** વધુ મોતિયાના ઓપરેશનનો દર હાંસલ કરીને રાજ્ય અગ્રેસર રહ્યું છે.
- નેત્રસર્જનો દ્વારા આધુનિક પદ્ધતિ ફેકો ઇમલ્સીફિકેશન દ્વારા નેત્રમણીવાળા ઓપરેશન વિનામૂલ્યે કરવામાં આવે છે.
- ફિલ્ડ સ્ટાફ દ્વારા **૩૦ થી વધુ વય ધરાવતી વ્યક્તિઓની** દૃષ્ટિ તપાસણી ઘરે ઘરે ફરીને કરવામાં આવશે અને મોતિયાના ઓપરેશનની જરૂરિયાત ધરાવતા અંધ વ્યક્તિઓને શસ્ત્રક્રિયા પૂરી પાડવામાં આવશે.
- **"મોતિયા અંધત્વમુક્ત ગુજરાત"** ઝુંબેશ અંતર્ગત રાજયમાં બંને આંખે મોતિયાના કારણે અંધ હોય એટલે કે, જેમની દૃષ્ટિ બંને આંખે ૩ મીટર કરતાં પણ ઓછી હોય તેવા તમામ વ્યક્તિઓની સરકારી તથા રજિસ્ટર્ડ સ્વૈચ્છિક સંસ્થા ખાતે મોતિયાના વિનામૂલ્યે ઓપરેશન કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.



**તારીખ:** ૦૫/૦૨/૨૦૨૨, શનિવાર **સમય:** સવારે ૧૦ વાગે, **સ્થળ:** ઓડિટોરિયમ હૉલ, GMERS, સિવિલ હૉસ્પિટલ, ગાંધીનગર.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય